# અમદાવાદ (ગ્રામ્ય) મહે. બીજા અધિક જ્યુ.મેજી.ફ.ક. સાહેબ શ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.

ફરીયાદી :–     શ્રી સરકાર.

વિરુધ્ધ.

આરોપી :–

આઈ.પી.સી./પ્રોહી ની કલમ–

<u>ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ પરવાનગી અરજી.</u>

શ્રી સરકાર તરફે અમો એ.પી.પી.શ્રી ની નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે, સદર કેસ ડોરમેન્ટ/ખુબ જુનો કેસ હતો અને સદર કેસ અમોએ તપાસણી કર્યા બાદ સદર કેસ વિડ્રો થવા પાત્ર હોવાનો અમારો અભિપ્રાય હોય, તે કેસ પરત ખેંચવા બાબતે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી તરફ થી પત્ર ક્રમાંક નં.ડીસી/એડીએમ/રૂરલ કોર્ટ/ડોરમેટ કેસ પરત/ ૨૦૨૪ , તા. ૦૯/૦૯/૨૦૨૪ ના હુકમ થી સદર કેસ પરત ખેંચવાનો હુકમ થયેલ છે જે અનુસાર આ કેસ ક્રિ.પ્રો. કોડની કલમ ૩૨૧ મુજબ પરત ખેંચવા પરવાનગી આપવા મહે. કરશોજી.

તા. ૧૪/૦૯/૨૦૨૪ — એ.પી.પી.
અમદાવાદ — બીજા એડી. જ્યુડી. મેજી. ફ.ક. કોર્ટ

<u>**–: હુકમ :–**</u>

પરવાનગી અરજી અને ડોર્મેટ ઉપરના કેસ પરત ખેંચવા બાબતેનો ઉપરોકત અરજીની સાથે ડીએલએસએ ના પત્ર ક્રમાંક નં.૫૨૧/૨૦૨૪ તા.૧૦/૦૯/૨૦૨૪ વાળો પત્ર વંચાણે લીધો, કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતા તથા આરોપી વિરુધ્ધના આક્ષેપો, ગુનાહ ની ગંભીરતા અને આક્ષેપો સ ેસન્સ ટ્રાયબલ ન હોય તથા કેસની હકીકત ધ્યાને લેતાં, આ કેસ જુનો અને આરોપી મળી ન આવતા હોવાથી કેસ ડેડ–વુડ બનેલ છે. જેથી સદર કેસ ક્રિમીનલ પ્રો. કોડની કલમ–૩૨૧ હેઠળ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે તથા તે મુજબ હાલનો આ કેસ ફેંસલ કરવામાં આવે છે. આ હુકમ ની અસર આંક–૧ તળે પણ કરવામાં આવેલ છે.

તથા સદર કેસ આરોપી ઘણાં લાંબા સમયથી મળી આવેલ ન હોય અને ભવિષ્યના ટુંકાગાળામાં મળી આવે તેવી કોઈ શકયતા જણાઈ આવતી ન હોય, જેથી સદર કેસ પરત ખેંચાતો હોય, જેથી સદર આરોપી ભવિષ્યમાં મળી આવે તો ત.ક.અ. તે આરોપી વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી શકશે અને તે બાબતે સી.આર.પી.સી.કલમ–૩૦૦(૫) અન્વયે કોઈ બાધ નડશે નહી અને તે આરોપી વિરુધ્ધ ધોરણસર ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાશે.

અપીલ સમય બાદ જો કિંમતી મુદ્દામાલનો કલેઈમ થયેલ ના હોય તો સરકાર શ્રી ખાતે જમા કરવો. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(એમ.ડી.વીરાણી)
બીજા એડી. જ્યુડી. મેજી. ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા.
જજ કોડ જીજે ૦૧૩૬૨

તા. ૧૪/૦૯/૨૦૨૪
અમદાવાદ.